આરબીઆઈ/2005-06/107
ડીસીએમ (પ્લા.) નં. જી7/10.01.00/2005-06

ઑગસ્ટ 10, 2005

પ્રતિ,
ચેરમેનશ્રી/ એમડી શ્રી/ સીએમડી શ્રી/ સીઇઓ શ્રી/
તમામ જાહેર ક્ષેત્રની, નીજી ક્ષેત્રની તથા વિદેશી બેન્કો

બહેનશ્રી/ સાહેબશ્રી,

**નવા/ વધારાનાં સુરક્ષાનાં વિશિષ્ટ લક્ષણો સાથેની ભારતીય ચલણી નોટો.**

કૃપા કરી અમારાં મે, 7, 2005નાં પત્ર આરબીઆઈ/2004-05/ 458 : ડીસીએમ (પ્લા.) નં. 940/ 10.01.00/ 2004-05 ને ધ્યાનમાં લેશો. આ સાથે ભારતીય ચલણી નોટોમાં ઉમેરવાનાં નવા/ વધારાનાં વિશિષ્ઠ લક્ષણોની યાદી તથા તા. 25 મે, 2005 નાં રોજ યોજાયેલ બેન્કોનાં સીએમડીશ્રીઓ તથા સીઇઓશ્રીઓની મીટિંગમાં થયેલ ચર્ચાની યાદી બીડેલ છે.

2. ઓગ. 2005માં રૂ.50/- તથા રૂ.100/-ની ચલણી નોટો કે જેમાં નવા/વધારાનાં સુરક્ષાનાં વિશિષ્ટ લક્ષણો સામેલ કરવામાં આવ્યા છે, તેવી નોટો અમલમાં લેવાશે. ત્યારબાદ સપ્ટે. 2005માં આવાજ સુરક્ષાનાં વિશિષ્ઠ લક્ષણોવાળી રૂ.500/- તથા રૂ.1000/- ની ચલણી નોટો બહાર પાડવામાં આવશે. રૂ.10/- તથા રૂ.20/- ની ચલણી નોટો નવા/ વધારાનાં સુરક્ષાનાં વિશિષ્ટ લક્ષણો સહિત સન 2006માં બહાર પાડવામાં આવશે.

3. આ સાથે રૂ.50/- તથા 100/- ની નવા/વધારાનાં વિશિષ્ટ સુરક્ષાનાં લક્ષણો ધરાવતી નોટો અંગેની પ્રેસ વિજ્ઞપ્તિ આપનાં દ્વારા જરૂરી કાર્યવાહી માટે સામેલ કરવામાં આવી છે. આ વિજ્ઞપ્તિ આપણી વેબસાઈટ www.rbi.org.in ઉપર પણ મૂકવામાં આવી છે. આ સાથે આપને આ નવી નોટોનો જાહેર હિતમાં બહોળો પ્રચાર કરવાનું સૂચન કરવામાં આવે છે. સાથે આપની શાખાઓ ઉપર પણ આ વિજ્ઞપ્તિનું પ્રચાર કરવા વિનંતી છે.

4. આ પત્ર મળ્યાની યોગ્ય જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

યૂ. એસ. પાલીવાલ

સહી/-
પ્રધાન મુખ્ય પ્રબંધક